पीएम श्री स्कूल, जवाहर नवोदय विद्यालय, वडोदरा
(नवोदय विद्यालय समिति की एक इकाई)
शिक्षा मंत्रालय, स्कूली शिक्षा एवं साक्षरता विभाग, भारत सरकार
PM SHRI SCHOOL, JAWAHAR NAVODAYA VIDYALAYA VADODARA,
(A unit of Navodaya Vidyalaya Samiti)
Ministry of Education, Deptt. Of School Education & Literacy, Govt. Of India.

| ग्राम- साधी, तहसील - पादरा, जिला - वडोदरा (गुजरात) ३९१४४५ | | Village -Sadhi, Ta-Padra, Distt. - Vadodara, Pin - 391445 |
|---|---|---|
| सी बी एस ई. संबद्धता संख्या - 440014<br>सी बी एस ई. स्कूल संख्या - 14043 | School U - DISE No. 24190708306 | CBSE Affiliation No : 440014<br>CBSE School Code No : 14043 |
| Website: jnvvadodara.org | Email: jnvvadodara1@gmail.com | Telephone no.- 02662 -296200, 296201 |


F.No. 1-2/JNVST/2026-27/227 BY- EMAIL / HAND Date:- 09/07/2026

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
કારેલીબાગ, વડોદરા (ગુજરાત)

વિષય:- જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષા ૨૦૨૭, ધોરણ – ૬ ના ઓનલાઈન અરજીપત્રો મહત્તમ સંખ્યામાં ભરાવવા હેતુ.

મહોદય,

ઉપર્યુક્ત વિષય પરત્વે જય ભારત સાથે જણાવવાનું કે જવાહર નવોદય વિદ્યાલય, ધોરણ –૬(છ) ની ગત વર્ષની પસંદગી પરીક્ષા માટે આપના માર્ગદર્શન હેઠળ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, શાસનાધિકારી શ્રી તથા તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન વધારવાની પ્રક્રિયા સકારાત્મક રીતે પાર પાડવામાં આવી હતી. આ બાબતે તમામ અધિકારીશ્રીઓનો અધોહસ્તાક્ષરકર્તા આભાર માને છે.

આ વર્ષે પણ જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષા ૨૦૨૭, ધોરણ – ૬ ના અરજીપત્રો ઓનલાઈન ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયેલ છે; તો આ વર્ષે પણ વડોદરા જિલ્લાના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની તમામ શાળાના બાળકોને પ્રોત્સાહિત કરી પ્રવેશ પરીક્ષા માટે નિયમાનુસાર ઓનલાઈન આવેદન કરી વધુમાં વધુ બાળકો આ પરીક્ષાનો લાભ લે એવા પગલાં લેવા વિનંતી કરવામાં આવે છે. ધોરણ – ૬ માં પ્રવેશ માટેની પસંદગી પરીક્ષા તારીખ ૨૮/૧૧/૨૦૨૬ ને શનિવારના રોજ યોજવામાં આવનાર છે. આ પરીક્ષામાં બેસવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન તા. ૩૧/૦૭/૨૦૨૬ સુધી કરી શકાશે.

ઓનલાઈન રજીસ્ટ્રેશન www.navodaya.gov.in પર વિના મૂલ્યે થાય છે.

પરિપત્ર કરી તમામ શાળાને જાણ કરીશો.
8-3
10/7/26

સાદર ધન્યવાદ.

જિ. શિ. ...
પત્રની નોંધણી નંબર 3047
તારીખ 10/7/26
સહી ...
કચેરીની સહી ........................

ભવદીય,
09.07.26
(એસ. કે. ડામર)
प्राचार्य / Principal
पीएम श्री स्कूल / PM SHRI School
जवाहर नवोदय विद्यालय /
Jawahar Navodaya Vidyalaya
Sadhi, Vadodara- 391445

નકલ રવાના:-
૧. મા. કલેક્ટરશ્રી અને અધ્યક્ષ, વિ.પ્ર.સમિતિ જ.ન.વિ સાધી, જિ. વડોદરાને જાણ સારૂ
૨. ઉપાયુક્તશ્રી, ન.વિ.સ.,ક્ષેત્રીય કાર્યાલય અમદાવાદ, તરફ જાણ સારું

ક્રમાંક. ક – 3/૫૨૫/૨૦૨૬/ ૭૫૯-૬
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા.
તા.૧૦/૭/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**<u>નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)</u>**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા